# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-02-2025** **Midday: 1.20 TO 1.30**
**Day :MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1) લોકસભામાં રાષ્ટ્રપતિના ભાષણના પ્રસ્તાવ પર ચર્ચાનો પ્રારંભ

2) કરોડો શ્રધ્ધાળુઓ આજે પ્રયાગરાજમાં સંગમ અને કાશી ખાતે ગંગામાં વસંત પંચમીનું પવિત્ર સ્નાન કરી રહ્યા છે

3) મહાકુંભ દુર્ઘટના મુદ્દે ઉત્તરપ્રદેશ સરકાર સામે પગલાં લેવાની માંગણી કરતી જાહેરહિતની અરજી પર સુનાવણી કરવાનો સર્વોચ્ચ અદાલતનો ઈન્કાર

4) દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે આજે અંતિમ દિવસઃ ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીનાં વરિષ્ઠ નેતાઓની જાહેર રેલીઓ

5) કેનેડા અને મેક્સિકોએ અમેરિકાથી ચીજોની આયાત પર વળતી ટેરિફ લાદી

6) ભારતીય અમેરિકન ગાયિકા ચંદ્રિકા ટન્ડનને ત્રિવેણી આલ્બમ માટે ગ્રેમી પુરસ્કાર અર્પણ

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SANSAD DISCUSSION

સંસદના બંને ગૃહમાં રાષ્ટ્રપતિએ કરેલા અભિભાષણના ધન્યવાદ પ્રસ્તાવ પર લોકસભામાં ચર્ચાનો પ્રારંભ થયો છે. દિલ્હીના સાંસદ રામવીરસિંહ બિધૂડીએ ભાજપવતી ચર્ચાનો પ્રારંભ કરતા જણાવ્યું કે, નરેન્દ્ર મોદી સરકારે દિલ્હીના વિકાસ માટે અનેક કાર્ય કર્યા છે. તેમણે દિલ્હી સરકાર પર યુવાનો સાથે અન્યાય કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

અગાઉ આજે સવારે સંસદના બંને ગૃહમાં કાર્યવાહી શરૂ થતાની સાથે જ વિરોધ પક્ષના સાંસદોએ મહાકુંભ દુર્ઘટના પર ચર્ચાની માગ સાથે શોરબકોર કર્યો હતો.

લોકસભામાં આજે સવારે ગૃહની બેઠક મળી ત્યારે, વિપક્ષી પક્ષોએ પ્રયાગરાજમાં મહાકુંભમાં ગેરવહીવટનો આરોપ લગાવતા સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિએ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં પોતાના સંબોધનમાં મહાકુંભનો ઉલ્લેખ કર્યો હતો.

રાજ્યસભામાં, ગૃહની શરૂઆત થતાં જ વિપક્ષી પક્ષોએ આ મુદ્દા પર સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. સભાપતિ જગદીપ ધનખડે મહાકુંભ ઘટના અને અન્ય મુદ્દાઓ પર વિપક્ષી પક્ષો દ્વારા રજૂ કરાયેલી મુલતવી નોટિસને નામંજૂર કરી. કોંગ્રેસ, સમાજવાદી પક્ષ, શિવસેના (UBT), RJD અને અન્ય સહિત વિપક્ષી પક્ષોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું.

દરમિયાન લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ રશિયન સંસદ ડુમાના અધ્યક્ષ વ્યાચેસલાવ વોલોદિન આગેવાનીવાળા પ્રતિનિધિમંડળનું લોકસભામાં સ્વાગત કર્યું.

## JOINT PARLIAMENTARY COMMITTEE

વકફ (સુધારા) બિલ, 2024 પરની સંયુક્ત સમિતિનો અહેવાલ આજે લોકસભામાં રજૂ થશે. આ સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલ અને ભાજપના સાંસદ સંજય જયસ્વાલ તેમનો અહેવાલ રજૂ કરશે. તેઓ સંયુક્ત સમિતિ સમક્ષ રજૂ થયેલા પુરાવાના રેકોર્ડ પણ ટેબલ પર મૂકશે. આ અહેવાલ 30 જાન્યુઆરી, 2025 ના રોજ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને રજૂ કરવામાં આવ્યો હતો. અગાઉ જેપીસીએ 25 સુધારા સાથે વકફ બિલ 1995ને મંજૂરી આપી હતી

## KUMBH-SNAN

### હવે મહાકુંભના સમાચાર

આજે વસંત પંચમીનાં પવિત્ર દિવસે પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં અમૃત સ્નાન માટે આસ્થાનો મહાસાગર ઉમટી પડ્યો. મહાકુંભનાં ત્રીજા અમૃત સ્નાન પર કરોડો શ્રધ્ધાળુઓ ગઈ કાલે મોડી રાતથી સંગમ પર એકત્ર થવા માંડ્યા હતા.

આ પ્રસંગે સલામતીનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. આજે મહત્વનું સ્નાન પર્વ હોવાથી સાધુ સંતો પર હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. વિવિધ અખાડાઓના સંતો પોતાનાં નિર્ધારિત સમય અને કાર્યક્રમ પ્રમાણે હાથમાં તલવાર-ગદા, ત્રિશુલ, ડમરુ અને શંખર લઈને સંગમ પહોંચી રહ્યા છે.

# GANGA-SNAN-KASHI

વસંત પંચમીના પર્વ નિમિત્તે આજે કાશીમાં લાખો શ્રદ્ધાળુઓએ પવિત્ર ગંગામાં આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે. ગંગા સ્નાન બાદ શ્રદ્ધાળુઓએ ગંગા ઘાટો પર દાન-પૂણ્ય કરી શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન કર્યા હતા.

ગંગા સ્નાન માટે શ્રદ્ધાળુઓ અડધી રાતથી જ ઘાટો પર પહોંચી રહ્યા હતા.

સ્નાન માટે પ્રાચીન દશાશ્વમેધ ઘાટ, શીતળાઘાટ, પંચગંગા, અહિલ્યાબાઈ, અસ્સી, તુલસીઘાટ, ખિડકિયા ઘાટ, ભૈસાસુર ઘાટો પર સૌથી વધુ ભીડ જોવા મળી હતી. સ્નાન બાદ શ્રદ્ધાળુઓએ બાબા વિશ્વનાથ અને કાળભૈરવના દરબારમાં પૂજા-અર્ચન કર્યા હતા.

# SC MAHKUMBH

સુપ્રિમ કોર્ટે આજે મહાકુંભમાં સર્જાયેલી દોડધામની ઘટના અગેની જાહેર હિતની અરજી પર સુનાવણી કરવાનો ઇન્કાર કરી દીધો છે.. સુપ્રીમ કોર્ટે આ મામલે અરજદારને વડી અદાલતમાં જવાનું કહ્યું હતું.

મહાકુંભમાં બનેલી દુર્ઘટનામાં 30 લોકોના મોત થયા બાદ આવી ઘટના અટકાવવા અંગેની જાહેર હિતની અરજી સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ સંજીવ ખન્ના અને જસ્ટીસ સંજીવ કુમારની ખંડપીઠ આ અરજી પર સુનાવણી કરવાનો ઇન્કાર ક્યો હતો.

નાસભાગની ઘટનાઓ અટકાવવા અને બંધારણની કલમ 21 મુજબ સમાનતા અને જીવનના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટેની જાહેર હિતની અરજીમાં માંગણી કરવામાં આવી હતી.

# DELHI ASSEMBLY ELECTION

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પ્રચારનો આજે છેલ્લો દિવસ છે. ભારતીય જનતા પાર્ટી, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓ અને સ્ટાર પ્રચારકો આજે જાહેર સભાઓને સંબોધશે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ આજે દિલ્હીમાં જાહેર સભાઓને સંબોધશે.

70 સભ્યોની દિલ્હી વિધાનસભા માટે બુધવારે મતદાન યોજાશે અને મતગણતરી શનિવારે થશે. ચૂંટણીમાં કુલ 699 ઉમેદવારો મેદાનમાં છે

# CANADA-MAXICO-TARRIFFS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડ્રોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડા, મેક્સિકો અને ચીનની આયાત પર આકરી ટેરિફ લાદવાના જવાબમાં કેનેડા અને મેક્સિકોએ અમેરિકાથી ચીજોની આયાત પર વળતી ટેરિફ લાદી છે.

કેનેડા પ્રથમ તબક્કામાં આવતી કાલથી 30 અબજ ડોલરની અમેરિકન આયાત પર 25 ટકા ટેરિફ લાદશે. જાહેર જનતા સાથે પરામર્શ બાદ ટૂંક સમયમાં બીજી યાદી જાહેર કરવામાં આવશે. કેનેડા અમેરિકાથી આયાત થતા પેસેન્જર વાહનો, ટ્રક, સ્ટીલ અને એલ્યુમિનયમ પ્રોડક્ટ્સ, કેટલાંક ફળો અને શાકભાજી, ગાય અને ડુક્કરનું માસ તથા અને ડેરી પ્રોડક્ટ્સ પર ટેરિફ લાદશે.

મેક્સિકોએ જાહેરાત કરી છે કે તે પણ અમેરિકાએ લાદેલી ટેરિફનો વળતો જવાબ આપશે. જો કે તેણે ટેરિફનો દર અને પ્રોડક્ટ્સની માહિતી નથી આપી.

અમેરિકાનાં 36 રાજ્યો માટે કેનેડા સૌથી મોટું નિકાસબજાર છે, જ્યારે મેક્સિકો અમેરિકાનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. ટ્રમ્પે ટેરિફનાં વટહૂકમ પર હસ્તાક્ષર કર્યા બાદ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો અને મેક્સિકન રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે શનિવારે ફોન પર વાત કરી હતી.

કેનેડામાં ઓન્ટારિયો, બ્રિટિશ કોલંબિયા અને નોવા સ્કોટિયા જેવા રાજ્યોએ સરકારી સ્ટોરમાંથી અમેરિકન શરાબની બ્રાન્ડ્સ દૂર કરી દીધી છે.

## DAY GRAMMY AWARDS

**ભારતીય અમેરિકન ગાયિકા અને ઉદ્યોગ સાહસિક ચંદ્રિકા ટન્ડને ત્રિવેણી આલ્બમ માટે બેસ્ટ ન્યૂ એજ, એમ્બિયન્ટ અથવા ચાન્ટ આલ્બમ શ્રેણીમાં ગ્રેમી પુરસ્કાર જીત્યો છે. લૉસ એન્જિલસના ક્રિપ્ટો ડૉટ કૉમ એરેના ખાતે 67મા વાર્ષિક ગ્રેમી પુરસ્કાર રજૂ કરાયા હતા.**

**માધ્યમોના અહેવાલ મુજબ, સૌથી વધુ 11 નૉમિનેશન સાથે બિયોન્સે કાઉ બૉય કાર્ટર માટે બેસ્ટ કન્ટ્રી આલ્બમનો પુરસ્કાર જીત્યો. આ નૉમિનેશન સાથે બિયોન્સ ગ્રેમી ઇતિહાસમાં સૌથી વધુ નૉમિનેશન મેળવનારાં કલાકાર બની ગયાં છે. જ્યારે સરબીના કાર્પેન્ટરે પોતાના આલ્બન શૉર્ટ એન્ડ સ્વીટ માટે પહેલો ગ્રેમી પુરસ્કાર જીત્યો છે. તેમજ કૅન્ડ્રિક લૅમરે પોતાના ડિસ ટ્રૅક નૉટ લાઈફ અસ માટે અનેક પુરસ્કાર જીત્યા. તો બિટલ્સે પોતાના A.I. આધારિત ટ્રૅક નાઉ એન્ડ ધેન માટે બૅસ્ટ રૉક પર્ફોર્મન્સનો પુરસ્કાર પોતોના નામે કર્યો. જ્યારે ડૉએચીએ બૅસ્ટ રેપ આલ્બમ જીતનારાં ત્રીજા મહિલા તરીકે ઇતિહાસ રચ્યો છે.**

**ઉપરાંત બિલી ઈલિશ, ટેલર સ્વિફ્ટ, માઈલી સાયરસ, ઑલિવિયા રૉડ્રિગો અને ચાર્લી એક્સ.સી.એક્સ જેવા અન્ય સિતારાઓએ પણ રેડ કાર્પેટ પર હાજરી પૂરાવી હતી.**

# J-K-WEATHER

હવામાન વિભાગે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં 10 ફેબ્રુઆરી સુધી હળવા વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આજે સાંજ સુધી વાદળછાયું વાતાવરણ રહેવાની અને મોડી રાત્રે ઉંચાઈવાળા વિસ્તારોમાં હળવો વરસાદ અને બરફ પડી શકે છે.

પ્રવાસીઓ, મુસાફરો અને ટ્રાન્સપોર્ટર્સને પ્રશાસન અને ટ્રાફિક વિભાગની સલાહનું પાલન કરવા હવામાન વિભાગે સલાહ આપી છે.